**–: <u>દિવાની પરચુરણ અરજી નં.૨૨/૨૦૨૪ ના કામે આંક–૦૧ નીચે હુકમ</u> :–**

(૧) અરજી વંચાણે લીધી. અરજી સાથે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા તથા અરજદાર તરફે વિ.વ.શ્રી જી.જી.પુરોહિતનાઓને સાંભળ્યા.

(૨) અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદારની મોજે બોરીગામ, તા.ઉમરગામ, જી.વલસાડ મુકામે આવેલ સર્વે નં.૧૮૩(જુનો સ.નં.૯૫૨) અને સર્વે નં.૧૮૧(જુનો સ.નં.૯૫૩)વાળી અરજીમાં જણાવેલ જમીન સામાવાળાઓએ વડોદરા–મુંબઈ–દિલ્હી એક્ષપ્રેસ હાઈ–વેના નિર્માણ અર્થે સંપાદન કરેલ અને તા.૩૧.૦૧.૨૦૨૪ ના રોજ કલેક્ટર, વલસાડ નાઓએ એવોર્ડ જાહેર કરેલ, જે હુકમથી અરજદારને વળતરમાં ઘણી ઓછી રકમ આપેલ હોય તે વધારવા માટે તેમજ અરજીનું સંબંધિત રેકર્ડ મંગાવી તપાસણી કરવા તથા કલેક્ટર, વલસાડનાઓએ કરેલ એવોર્ડ રદ્દ કરવા દાદ માંગેલ છે.

(૩) આ કામે રજુ કરવામાં આવેલ તમામ દસ્તાવેજી પુરાવા તથા અરજદાર તરફે કરવામાં આવેલ રજુઆતો ધ્યાને લેતાં અરજદારની અરજી આ અદાલતે એડમીશન સ્ટેજ ઉપર હીયરીંગ અર્થે રાખવામાં આવેલ.

(૪) અરજી સબંધે અરજીમાં જણાવેલ મિલકતનો એવોર્ડ કલેક્ટરશ્રી , વલસાડનાઓએ તા. ૩૧.૦૧.૨૦૨૪ ના રોજ કરેલ છે, અરજદાર દ્વારા હાલની અરજી તા.૨૯.૦૪.૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ છે તેમજ અરજદારે હાલની અરજી આર્બીટ્રિશન એન્ડ કન્સીલીએશન એક્ટ, ૧૯૯૬ ની કલમ–૩૪ હેઠળ તથા ધી રાઈટ ટુ ફેઈર કમ્પન્શેશન એન્ડ ટ્રાન્સપરન્સી ઈન લેન્ડ એક્વીઝેશન રીહેબીલીટેશન એન્ડ રીસેટલમેન્ટ એક્ટ, ૨૦૧૩ મુજબ કરેલ છે. આરબીટ્રેશન એક્ટ હેઠળની કાર્યવાહી અંગે આ અદાલતને હકુમત છે પરંતુ સાથે સાથે હાલની અરજી અરજદારે ધી રાઈટ ટુ ફેઈર કોમ્પન્શેશન એન્ડ ટ્રાન્સપરન્સી ઈન લેન્ડ

એક્વીઝેશન રીહેબીલીટેશન એન્ડ રીસેટલમેન્ટ એક્ટ, ૨૦૧૩ હેઠળ પણ કરેલ છે તે જોતાં જમીન વડોદરા – મુંબઈ એક્ષપ્રેસ હાઈ–વેના કાર્ય માટે સંપાદન કરવામાં આવેલ હોય ધી રાઈટ ટુ ફેઈર કોમ્પન્શેશન એન્ડ ટ્રાન્સપરન્સી ઈન લેન્ડ એક્વીઝેશન રીહેબીલીટેશન એન્ડ રીસેટલમેન્ટ એક્ટની જોગવાઈ ધ્યાને લેતા આ પ્રકારના હેતુ માટે જમીન સંપાદન કરવામાં આવેલ હોય ત્યારે આજ કાયદાની કલમ ૬૪ કે જેની ઉપર અરજદાર કેસનો આધાર રાખે છે, તે જોગવાઈ ધ્યાને લેવી જરૂરી જણાય છે. આ કાયદાની કલમ – ૬૩ વંચાણે લેતા તેમાં આ પ્રકારની તકરાર અંગે સિવિલ કોર્ટને હકુમત ન હોવાનું ઠરાવેલ છે અને આ પ્રકારની તકરાર અંગે બંધારણના આર્ટીકલ – ૨૨૬ હેઠળ નામદાર હાઈકોર્ટમાં અને આર્ટીકલ – ૨૨૭ મુજબ નામદાર સર્વોચ્ચ અદાલતને હકુમત હોવાનું જણાવેલ છે તેમજ જમીન સંપાદનની તકરાર અંગે નિર્ણય કરવાની સત્તા કલેકટર તથા ઓથોરીટીની છે.

(૫) હવે, આ કામે આજ કાયદાની કલમ – ૬૪ ધ્યાને લેતાં એવોર્ડથી નારાજ કોઈ વ્યક્તિ એવોર્ડ સ્વીકારે નહીં અને કલેક્ટરને લેખિત અરજી આપે ત્યારે કલેક્ટરે તે અરજી ઓથોરીટીને મોકલવાની હોય છે અને ઉપર જણાવ્યા મુજબ ઓથોરીટીએ તેનો નિર્ણય કરવાનો હોય છે.

(૬) આ કામે સમગ્ર કેસ પેપર્સ જોતાં અરજદારે એવોર્ડ જાહેર થયા બાદ કલેક્ટરશ્રી સમક્ષ કોઈ લેખિત રજુઆત કે વાંધાઓ રજુ કરેલ નથી તથા એવોર્ડ ન સ્વીકારેલ હોવાની હકીકત પણ જાહેર કરેલ નથી. વધુમાં સદર કાયદાની ઉપરોક્ત જોગવાઈઓ ધ્યાને લેતા ધી રાઈટ ટુ ફેર કોમ્પન્શેશન એન્ડ ટ્રાન્સપરન્સી ઈન લેન્ડ એક્વીઝેશન રીહેબીલીટેશન એન્ડ રીસેટલમેન્ટ એક્ટની કલમ–૫૧ થી ૫૮ ધ્યાને લેતા આ અદાલતનો સમાવેશ ઓથોરીટીમાં થતો હોવાનું ઉપરોક્ત જોગવાઈઓ જોતાં જણાઇ આવતું નથી. આર્બીટ્રેશન એક્ટની કલમ – ૩૪ ની કાર્યવાહી અત્રેની

અદાલતમાં થઈ શકે એટલા માત્ર કારણસર ઉપર ચર્ચા કરી તે મુજબ અન્ય કાયદાની જોગવાઈઓ જોતાં અત્રેની અદાલતને હાલની અરજી અંગે કાર્યવાહી કરવા હકુમત હોવાનું જણાઇ આવતુ ન હોય આ અરજી અંગે ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

૧. અરજદારની અરજીની ઇન્સાફી કાર્યવાહી કરવાની હકુમત આ અદાલતને નહીં હોવાથી હાલની આ અરજી અરજદારને **પરત સોંપવાનો** હુકમ કરવામાં આવે છે.

૨. અત્રેની અદાલતના આ હુકમથી અરજદાર પક્ષને અન્ય કાયદાની સમય મર્યાદાના બાધને અસરકર્તા નીવડશે નહીં.

- અરજી તથા તે સાથે રજુ થયેલ સમગ્ર કાગળોની સેલ્ફ એટેસ્ટેડ કોપી અરજદાર પાસે લઈ તમામ અસલ કાગળો તથા આ હુકમની એક નકલ અરજદારને પહોંચ મેળવીને પરત કરવા.

- અરજદારે રજુ કરેલ તમામ કાગળોની સેલ્ફ એટેસ્ટેડ કોપી તથા હુકમ રેકર્ડ ઉપર રાખવા.

- હુકમ અંગેની જરૂરી યાદી અરજદારને કરવી.

તા.૨૬/૦૭/૨૦૨૪.
સ્થળ : વલસાડ.

**(ડી. જે. શાહ)**
**એડીશનલ ડિસ્ટ્રીકટ જજ**
**વલસાડ**